# માધ્યમિક શાળાના શિક્ષણમાં સંપૂર્ણ ગુણવત્તા સુધારણા અંગે શિક્ષકોના વલણોનો અભ્યાસ

ગામીત નિલમબેન અર્જુનભાઈ
એમ.ફીલ. સ્ટુડન્ટ
(ગણપત યુનિવર્સિટી, ખેરવા, મેહસાણા)

## પ્રસ્તાવના

આજનો યુગ એકવીસમી સદીનો યુગ છે. આપણે એકવીસમી સદીના પ્રભાતે ઊભા છીએ. આવતા વર્ષોમાં અનેક પરિવર્તનો ખૂબ જ ઝડપથી આવશે. જેમાંથી શિક્ષણ ક્ષેત્ર પણ બાકાત રહી શકશે નહીં. માહિતી અને વિજ્ઞાનના આ યુગમાં માહિતીનો અને વસ્તીનો વિસ્ફોટ થઈ રહ્યો છે. વિશ્વમાં ઉદારીકરણની નીતિને કારણે અને કમ્પ્યૂટર અને સેટેલાઈટની અદ્યતન શોધોને કારણે ભૌતિક અંતરો અને સીમાઓ ઓગળી રહી છે અને વિશ્વગ્રામની સંકલ્પના સાકાર થતી જોઈ શકાય છે.

સમગ્ર શૈક્ષણિક પ્રણાલીમાં શિક્ષકનું સ્થાન ચાવીરૂપ છે. શાળામાં શિક્ષકનું કાર્ય શાળામાં ગુણવત્તા સુધારણાનું છે. શાળાની અનેક પ્રવૃત્તિઓનું આયોજન અને અમલીકરણ શિક્ષક દ્વારા જ કાર્યાન્વિત થાય છે. આથી શાળામાં ગુણવત્તા સુધારણા અંગે શિક્ષકની ભૂમિકા અગત્યની બને છે.
માનવીઓ અનેક સાધનોના ઉપયોગ દ્વારા નિર્દિષ્ટ ધ્યેયો સિદ્ધ કરવા માટે પ્રક્રિયા કરવામાં આવે છે. આમ શિક્ષણ પ્રશાસન કલા છે. જેના માધ્યમ દ્વારા શિક્ષક શાળા સંબંધી વિવિધ તત્વોને એવી રીતે વ્યવસ્થિત કરે છે કે જેના વડે શિક્ષણના વિભિન્ન ધ્યેયોની પરિપૂર્તી થાય.

## ગુણવત્તા સુધારણા

માનવીનો પ્રયાસ ઊંચી ગુણવત્તા પ્રાપ્ત કરવાનો રહ્યો છે. અને તે માટે માનવ સમાજ સતત ખોજ માટે, પ્રવૃત્તિશીલ રહ્યો છે. વિશ્વના અન્ય દેશો કરતાં ભારતમાં પૌરાણિક સમયથી ગુણવત્તા પર ભાર મૂકાતો આવ્યો છે. જીવનના આધ્યાત્મિક અને ભૌતિક મૂલ્યો માટે ઉચ્ચતમ સિદ્ધિ તરફ ગતિ કરવામાં આવી રહી છે. જેમ કે કાર્યમાં ગુણવત્તા સિદ્ધ કરવા માટે બોજ અને પ્રયાસ પોતે જ સ્વયં પરમાત્મા સાથે મુકત થવાની સાધના કે માર્ગ છે. સ્વયંની સંપૂર્ણ ઉન્નતિ અને ઉત્કૃષ્ટતાની પ્રાપ્તિ એ જ જીવનની રીતમાં વણાયેલી ગુણવત્તા માટેનો ખ્યાલ છે.

## શિક્ષણ અને ગુણવત્તા

ભૌતિક ઉત્પાદનોની ગુણવત્તા એક ચોકકસ ધોરણોની સાથે સરખાવીને નકકી કરી શકાય અને ધોરણો મુજબની ગુણવત્તા મેળવી પણ શકાય. શિક્ષણ એ એક પ્રક્રિયા પણ છે અને ઉત્પાદન પણ છે. શિક્ષણમાં બે પ્રકારની ગુણવત્તા જરૂરી છે. શિક્ષણ જ પ્રક્રિયા અને શિક્ષણના ઉત્પાદનની કાચા માલ સ્વરૂપે આપણા વિદ્યાર્થીઓને ગણીએ તો દરેક સંસ્થા પાસે પસંદગીના વિદ્યાર્થીઓ લેવાની તક હોતી નથી અને એ શકય અને જરૂરી પણ નથી. જયારે ઉદ્યોગ જરૂરી ગુણવત્તા પ્રાપ્ત કરવા માટે કાચો માલ પસંદ કરવા માટે સ્વતંત્ર છે. અને કાચો માલ પણ ગુણવત્તાવાળો લે છે. ઉત્પાદન સમસ્યાની પ્રક્રિયા પણ ભૌતિક હોવાથી તે પણ ચોકકસ પરિસ્થિતિમાં નિયંત્રિત કરીને ઉત્પાદનને ગુણવત્તા ચકાસણીમાં પસાર કરીને ધારી ગુણવત્તાવાળું ઉત્કૃષ્ટ ઉત્પાદન મેળવી શકે છે. શિક્ષણમાં શિક્ષણની પ્રક્રિયા માનવીય પ્રક્રિયા છે. પ્રક્રિયા પામનાર અને પ્રક્રિયાના

પરિબળો પ્રક્રિયા આપનાર શિક્ષક માનવીય છે જે જીવંત છે. આમ શિક્ષણની પ્રક્રિયા હર પળે જીવંત છે. આ જીવંત પ્રક્રિયાને સતત ચોકકસ પ્રકારના ગુણવત્તાના ધોરણો માટે ગોઠવવામાં આવે તો ઉત્તમ ગુણવત્તાવાળી નીપજ મેળવી શકાય.

**આયોજન**

આપણા સમાજની એક સમાન્ય છાપ અનુસાર આપણે આયોજનમાં ખૂબ જ આગળ પડતા, મહત્ત્વકાંક્ષી અને ઉત્સાહી છીએ પરંતુ અમલીકરણમાં કાચા પડીએ છીએ. આપણે આ છાપ ભૂંસવાનો પ્રયત્ન કરવો પડશે. શરૂઆતના ૧૯૬૪ના કોઠારી કમિશન ૧૯૮૬ની રાષ્ટ્રીય શિક્ષણ નીતિમાં પણ શૈક્ષણિક સંસ્થાઓમાં આયોજનનું મહત્ત્વ સ્વીકાર્યું છે. હાલમાં પણ તેની એટલી જ અગત્યતા સ્વીકૃત છે. આથી અર્થપૂર્ણ આયોજન અને તેટલું જ અસરકારક અમલીકરણ જરૂરી બને છે. જેથી અમલીકરણની આપણી મર્યાદાઓ દૂર કરી શકાય. આમ, આયોજન એક એવી યોજના છે કે જેમાંથી શાળાના શિક્ષણમાં ગુણાત્મક સુધારણા કરી શકાય છે. અથવા તે માટે પગલાં લેવાય છે. શાળાની વર્તમાન પરિસ્થિતિમાં સુધારો કરી શકાય છે તેમજ શાળામાં જે સાધનો ઉપલબ્ધ હોય યા ઉપલબ્ધ થઈ શકે તેમ ન હોય તો તેનો ઉપલબ્ધ કરવામાં આવે છે. આ આયોજન ટૂંકાગાળાનું કે લાંબાગાળાનું હોઈ શકે.

**અમલીકરણ**

**સંપૂર્ણ ગુણવત્તા સુધારણાનો અમલ**

સંપૂર્ણ ગુણવત્તા સુધારણાનો અમલ એટલે શૈક્ષણિક આયોજનનું કાર્યમાં રૂપાંતર સંપૂર્ણ ગુણવત્તા સુધારણાનો અમલીકરણમાં મહત્વનું સોપાન ગુણવત્તાની વિભાવનાને પોષક એવું પર્યાવરણ ઊભું કરવાનું છે. આકર્ષક કાર્યક્રમોથી અમલીકરણની શરૂઆત થવી જોઈએ.

સંપૂર્ણ ગુણવત્તા સુધારણાનો અમલ કરવો અને પરિણામો પ્રાપ્ત કરવા એ સમય માંગી લે છે. જેનો આધાર નવીનીકરણને કેટલી ઝડપથી અપનાવાય છે. અમલમાં મૂકાય છે, વિવિધ પ્રોજેકટસનું અમલીકરણ કરવું એ કોઈ પણ શૈક્ષણિક સંસ્થામાં સંપૂર્ણ ગુણવત્તા સુધારણાનો પહેલી પસંદગી છે.

**વર્ગ વ્યવહાર અને મૂલ્યાંકન**

વર્ગ શિક્ષણની પ્રક્રિયા દ્વિધ્રુવી છે. એકબાજુ શિક્ષક અને બીજી બાજુ વિદ્યાર્થીઓ હોય છે. બંને વચ્ચે ૩૫ થી ૪૦ મિનિટના સમયગાળા દરમિયાન પરસ્પર શાબ્દિક વ્યવહારો જન્મતા હોય છે. વર્ગની આ બધી ઘટનાઓમાંથી વર્ગખંડનું હવામાન (Classroom Cimate) બંધાય છે. આ હવામાન મનોવૈજ્ઞાનિક હોય છે. આ હવામાનમાંથી કેટલીક બાબતો નોંધી શકાય તેવી પણ હોય છે. વર્ગ વ્યવહારની અસરો નોંધી તેમાંથી શિક્ષક–વિદ્યાર્થીઓના વર્તનમાં ફેરફાર લાવી શકાય છે.

**મૂલ્યાંકન**

ભણવું–ભણાવવું એ વર્ષો જૂની પ્રક્રિયા છે. કેળવણી એ વિદ્યાર્થીઓ અને શિક્ષક વચ્ચેની જીવંત પ્રક્રિયા છે. આ પ્રક્રિયાને અંતે આપણે વિદ્યાર્થીઓમાં કંઈક પરિવર્તન લાવવા ઈચ્છીએ છીએ આપણે શું લાવવા ઈચ્છીએ છીએ તેનું ચિત્ર આપણે હેતુઓ, ઉદ્દેશો–અપેક્ષિત વર્તન પરિવર્તનોના સ્વરૂપમાં નકકી કરીએ છીએ. અભ્યાસ દ્વારા વિદ્યાર્થીઓના જ્ઞાનમાં, તેની લાગણી અને ભાવોમાં તેના વલણોમાં, તેની પ્રક્રિયામાં – પ્રક્રિયાઓમાં વર્તન પરિવર્તન થવું જોઈએ એવી અપેક્ષા આપણે રાખી શકીએ છીએ. આવા વર્તન પરિવર્તન માટે અભ્યાસક્રમ, શૈક્ષણિક પદ્ધતિઓ, શૈક્ષણિક સાધનો, પાઠયપુસ્તકો દ્વારા વિવિધ અભ્યાસ પદ્ધતિઓનું આયોજન આપણે કરીએ છીએ. આ બધા કાર્યક્રમોને અંતે આપણે આપણા નકકી કરેલા હેતુઓ અને ઉદ્દેશો કેટલા પ્રમાણમાં સિદ્ધ થયા છે તે જાણવા માંગીએ છીએ. આમ, શૈક્ષણિક હેતુઓ અને ઉદ્દેશો કેટલે અંશે સિદ્ધ થયા છે તે નકકી કરવાની પ્રક્રિયાને મૂલ્યાંકન કહે છે.

## ગુણવત્તા સુધારણામાં સહભાગીદારિતા

ગુણવત્તા સુધારણાના સમગ્ર કાર્યક્રમનું આ ક્ષેત્ર કેન્દ્ર સ્થાને છે. સહભાગીદારિતાની વાત આવે ત્યારે સહેજે પ્રશ્ન થાય કે કોની કોની સહભાગીદારિતા આવશ્યક છે ? શિક્ષણની પ્રક્રિયા સાથે પ્રત્યક્ષ રીતે જોડાયેલા ઘટકો જેવા કે અધ્યેતાઓ, શાળા, શાળાના આચાર્ય, શાળાના શિક્ષકો, શાળાનો બિનશૈક્ષણિક કર્મચારી ગણ, શાળાના સંચાલક વગેરેની સહભાગીદારિતા તો છે જ પરંતુ સાથે સાથે અધ્યેતાઓનાં વાલીઓ, ભૂતપૂર્વ વિદ્યાર્થીઓ અને આખો સમાજ ગુણવત્તા સુધારણાના મહાયજ્ઞમાં સહભાગી બની શકે. શાળાઓ સમાજમાં છે, સમાજ વડે છે, સમાજ માટે છે તેથી સમાજના જ એક ભાગરૂપ વાલીઓની તેમજ આખેય સમાજની સહભાગીદારિતા આવશ્યક છે.

## ઉપસંહાર

શિક્ષણ માનવને માનવી બનાવે છે. આ વ્યવસાયમાં જીવંત વ્યકિતઓ સાથે વ્યવહાર કરી તેમને શિક્ષણ આપી સારા મનુષ્ય બનાવવાનું ભગીરથ કાર્ય કરે છે. ત્યારે શિક્ષણમાં મૂલ્ય શિક્ષણઅને ગુણવત્તા મેળવવી ખૂબ જ જરૂરી છે. શાળામાં રહેલા વિદ્યાર્થીઓમાં વ્યકિતગત તફાવતો હોય છે. શિક્ષકોએ બાળકોમાંમૂલ્યોનું સિંચન થાય તે રીતે તેમના વ્યકિતગત તફાવતોને ધ્યાનમાં રાખી શિક્ષણ કાર્ય કરાવવું જોઈએ. શાળા માત્ર માહિતીની જાણકારી જ આપે પરંતુ મૂલ્ય અને સંસ્કાર વિનાનું શિક્ષણ વ્યર્થ છે. આમ શાળા શિક્ષણમાં ગુણવત્તા એટલે તે કયા પ્રકારના માનવનું નિર્માણ કરે છે તેના આધારે નકકી કરી શકાય છે. શિક્ષણ દ્વારા વ્યકિતનો આકાર ઘડાય છે. સમાજમાં મૂલ્ય પાલક વ્યકિતઓ હશે તો જ સમાજ, રાજય અને દેશની શોભા વધશે. આથી મૂલ્યોનું શિક્ષણ આપી શિક્ષણમાં ગુણવત્તા મેળવવા તરફ ગતિ કરી શકશે.

## સંદર્ભ સૂચિ

૧. આચાર્ય, મોહિની (૨૦૦૯). ***શિક્ષક–પ્રશિક્ષણ.*** અક્ષર પબ્લિકેશન, અમદાવાદ.

૨. ઉચાટ, ડી.એ. (૨૦૦૯). ***શિક્ષણ અને સામાજિક વિજ્ઞાન સંશોધનનું પદ્ધતિશાસ્ત્ર.*** રાજકોટ : સૌરાષ્ટ્ર યુનિવર્સિટી.

૩. શાહ, ડી. બી. (૨૦૦૯). ***શૈક્ષણિક સંશોધન.*** પ્રમુખ પ્રકાશન, અમદાવાદ.